RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 229* Date: 09.06.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દેશમાં જ નહીં વિદેશમાં પણ ભારતનો ડંકો : જયશંકર



**ભારત હવે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે**

વિદેશ નીતિને લઈને મોદી સરકારના નવ વર્ષ પૂર્ણ થવા પર વિદેશ મંત્રી એસ જયશંકરે વાત કહેતા જણવ્યું હતું કે, ભારત હવે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે. છેલ્લા નવ વર્ષમાં દેશનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

પીએમ નરેન્દ્ર મોદીની વિદેશ નીતિના ૯ વર્ષ પૂર્ણ થવા પર એસ જયશંકરે કહ્યું કે, ×વિશ્વ, ખાસ કરીને ગ્લોબલ સાઉથ, ભારતને વિકાસ ભાગીદાર તરીકે એક વિશ્વસનીય, અસરકારક વિકાસ ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે. વિશ્વ હવે ભારતને માત્ર ભાગીદાર તરીકે નહીં પરંતુ આર્થિક ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે.આ દરમિયાન વિદેશ મંત્રીએ પણ રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, રાહુલની એક આદત છે જ્યારે તેઓ બહાર જાય છે ત્યારે દેશની ટીકા કરે છે. જયશંકરે કહ્યું કે, દુનિયા જોઈ રહી છે કે ભારત દેશમાં ચૂંટણી થાય છે અને ચૂંટણીમાં ક્યારેક એક પક્ષ જીતે છે તો ક્યારેક બીજી પાર્ટી જીતે છે. જો દેશમાં લોકશાહી ન હોય તો આવો બદલાવ ન આવી શકે. આ સાથે જયશંકરે ૨૦૨૪ની ચૂંટણીના પરિણામો વિશે પણ વાત કરી કહ્યું કે, અમે જાણીએ છીએ કે પરિણામો પહેલા જેવા જ આવશે. જયશંકરે કહ્યું કે, આજે લોકો ભારતને સાંભળવા માંગે છે અને તેમને લાગે છે કે ભારત સાથે કામ કરવાથી તેમનો પ્રભાવ પણ વધશે. વિદેશ મંત્રીએ કહ્યું કે, કોવિડ દરમિયાન ઘણા દેશોએ તેમના નાગરિકોને છોડી દીધા હતા, પરંતુ ભારત સરકારે કોરોના દરમિયાન પણ ફસાયેલા ઓછામાં ઓછા ૭૦ લાખ લોકોને પાછા લાવ્યા હતા.

**વિશ્વ ભારતને માત્ર ભાગીદાર તરીકે નહીં પરંતુ આર્થિક ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે**

## બાંગ્લાદેશની હાલત પાકિસ્તાન જેવી થઈ! સરકાર પૈસા ન ચૂકવતી હોવાથી અનેક પાવર પ્લાન્ટ બંધ



બાંગ્લાદેશ પેર ઈલેક્ટ્રિસિટી પૂરી પાડવા બદલનુ દેવુ જ વધીને અઢી અબજ ડોલર થઈ ગયુ છે .બાંગ્લાદેશની સરકાર આ પૈસા ચુકવવા માટે ઝઝૂમી રહી છે અને તેના કારણે બાંગ્લાદેશમાં પાવર પ્લાન્ટ ઠપ થવાનુ અને વીજ સંકટ સર્જાવાનુ જોખમ છે. ઈલેક્ટ્રિસિટી સપ્લાય કરતી કંપનીઓ સતત સરકાર પાસે બાકી રકમનુ ઉઘરાણુ કરીને પાવર સપ્લાય બંધ કરવાની ધમકી આપી રહી છે.બાંગ્લાદેશનો પાયરા પાવર પ્લાન્ટ બંધ પણ થઈ ગયો છે. બાંગ્લાદેશના ઉર્જા ક્ષેત્રના સલાહકારનુ કહેવુ છે કે, સરકાર વીજળી નથી વીજળી ખરીદી શકતી કે નથી પાવર પ્લાન્ટ માટેનુ પેમેન્ટ કરી શકતી. વીજ સંકટે દેશની ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ઠપ કરી દીધી છે.સરકાર આ સંકટને ગંભીરતાથી લઈ રહી નથી.લેટેસ્ટ જાણકારી પ્રમાણે બાંગ્લાદેશમાં ૧૫૪ પાવર પ્લાન્ટ પૈકી ૬૪ પ્લાન્ટ અલગ અલગ કારણોથી અને ખાસ કરીને ફ્યુલની અછતના કારણે આંશિક રીતે અથવા સંપૂર્ણપણે બંધ હતા. માત્ર ૨૧ જ પાવર પ્લાન્ટ મંગળવારે પોતાની પૂરી ક્ષમતાથી ચાલ્યા હતા.પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશનુ વિદેશી હુંડિયામણ પણ ઓછુ થઈ રહ્યુ છે. માર્ચ મહિનાના અંત સુધીમાં દેશનો વિદેશી હુંડિયામણનો ભંડાર ૩૧.૧૪ અબજ ડોલર પર પહોંચી ગયો હતો.જે ૨૦૧૬ ડિસેમ્બર પછી સૌથી નીચેના સ્તરે છે.સરકારે વિદેશમાં રહેતા બાંગ્લાદેશીઓને મોટા પાયે દેશમાં પૈસા મોકલવા માટે પણ અપીલ કરી હતી. જોકે પાકિસ્તાન કરતા બાંગ્લાદેશની સ્થિતિ ઘણી સારી છે.કારણકે પાકિસ્તાન પાસે તો માત્ર ૪.૧ અબજ ડોલરનુ વિદેશી હુંડિયામણ જ બચ્યુ છે.

## ભારતમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી, હવામાન વિભાગે કરી પુષ્ટી, સામાન્ય કરતાં અઠવાડિયું મોડું

કેરળમાં મેઘરાજાની એન્ટ્રી થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે, કેરળમાં ચોમાસું ૧ જૂનની બેસવાની સંભાવના હતી જે સામાન્ય તારીખથી ૭ દિવસ મોડું છે. હવે તે આગામી ત્રણ-ચાર દિવસમાં કર્ણાટક અને તમિલનાડુ પહોંચે તેવી શક્યતા છે.મહારાષ્ટ્ર અને ગોવામાં એક સપ્તાહ બાદ ચોમાસું દસ્તક આપી શકે છે. તે જ સમયે, ઉત્તર ભારતમાં ચોમાસું આ મહિનાના અંત સુધીમાં રાજધાની દિલ્હીમાં પહોંચવાની સંભાવના છે.દેશમાં ચોમાસાનો પ્રથમ વરસાદ કેરળમાં થયો છે. આ વખતે



**મહારાષ્ટ્ર અને ગોવામાં એક સપ્તાહ બાદ થશે મેઘરાજાની એન્ટ્રી**

દેશમાં ચોમાસું એક સપ્તાહ મોડું થયું છે. જો કે હવામાનશાસ્ત્રીઓ કહે છે કે, આનાથી વરસાદ પર કોઈ અસર નહીં થાય. હવામાન વિભાગે આ વખતે ચોમાસું સામાન્ય રહેવાની આગાહી કરી છે.

## ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ મુદ્દે ફરી ચર્ચાએ જોર પકડ્યુ, પૂર્વ ધારાસભ્યના ટ્વિટથી રાજકારણ ગરમાયું



દેશમાં જ્યારે આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કંગાળ પ્રદર્શન કરનાર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમા ઉપર હોય તેમ પાર્ટીના નેતાઓ વચ્ચે બધુ બરોબર ચાલી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ નથી. ગુજરાત પૂર્વ ધારાસભ્ય તેમજ કોંગ્રેસના દિગ્ગજ નેતાએ ગઈકાલે દિલ્હી પહોચ્યા બાદ રાત્રે એક ટ્વિટ કરી હતી જેને લઈને ફરી એકવાર રાજકારણ ગરમાયુ છે. આ ટ્વિટમાં તેણે કોંગ્રેસના રાષ્ટ્રિય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તેમજ પ્રિયંકા ગાંધીને અને રાહુલ ગાંધીને ટેગ કર્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણી પહેલાં જગદીશ ઠાકોરને પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા પરંતુ તેમના નેતૃત્વમાં કોંગ્રેસનો સૌથી ખરાબ પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ તરફ જગદીશ ઠાકોરને જયારથી ગુજરાતના પ્રદેશ પ્રમુખ બનાવ્યા ત્યારથી કોંગ્રેસમાં અંદરો-અંદર નારાજગી તેમજ મતભેદ ચાલી રહ્યો છે

## વિદેશમાં વસવાની લ્હાયમાં કંઈ પણ કરી છુટવું કેટલી હદે યોગ્ય? વાંચો કેનેડામાં ફસાયેલા વિદ્યાર્થીઓની વ્યથા

કેનેડામાં સેંકડો ભારતીય વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં ફસાયા છે. આ વિદ્યાર્થીઓ પર કેનેડામાંથી દેશનિકાલની તલવાર લટકી રહી છે. આવી સ્થિતિમાં આ વિદ્યાર્થીઓ વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા છે. આમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓ પંજાબના છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે કેનેડિયન સત્તાવાળાઓએ તેમના પર નકલી પ્રવેશ પત્રોના આધારે કેનેડિયન યુનિવર્સિટીઓના વિઝા મેળવવાનો આરોપ મૂક્યો છે.કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી (ઝમ્જીછ) એ તાજેતરમાં લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને ડિપોર્ટેશન લેટર જારી કર્યા છે. ઝમ્જીછને જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓના એડમિશન ઑફર લેટર્સ બનાવટી હતા. તેના બાદ જ આ લેટર જારી કરવામાં આવ્યા હતા. વિરોધ કરી રહેલા ઘણા વિદ્યાર્થીઓ દાવો કર્યો છે કે તેઓ ૨૦૧૮ માં કેનેડા પહોંચ્યા હતા, પરંતુ નકલી પત્રો હવે સામે




આવ્યા છે, પાંચ વર્ષ પછી, જ્યારે તેઓએ કાયમી નિવાસ માટે અરજી કરી હતી. એક વિરોધ કરી રહેલા વિદ્યાર્થી ચમનદીપ સિંહે કહ્યું કે ×જ્યારે અમે કેનેડા પહોંચ્યા, ત્યારે અમારા એજન્ટે અમને કહ્યું કે અમને જે કોલેજો માટે એડમિશન લેટર મળ્યા છે ત્યાંની સીટો ભરેલી છે. તેણે અમને કહ્યું કે યુનિવર્સિટીઓમાં ઓવરબુકિંગ થઈ ગયું છે. જેથી તે અમને બીજી કોલેજમાં ટ્રાન્સફર કરી શકે છે. અમે તક ગુમાવવા માંગતા ન હોવાથી તેની સાથે સંમત થઈ ગયા હતા. અમે કોલેજો બદલી અને અમારો અભ્યાસ પૂર્ણ કર્યો, પરંતુ ત્રણ-ચાર વર્ષ પછી, અમને ઝમ્જીછ દ્વારા કહેવામાં આવ્યું કે અમને જે એડમિટ કાર્ડના આધારે વિઝા મળ્યા હતા તે નકલી હતા. અન્ય વિરોધ કરી રહેલા વિદ્યાર્થી લવપ્રીત સિંહે દાવો કર્યો હતો કે દેશનિકાલના ડરથી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર અસર પડી છે, જેના પરિણામે ઘણા લોકો આત્મહત્યા કરવાનું વિચારી રહ્યા છે. તેમણે કહ્યું, ×અમે ભારત સરકારને વિનંતી કરીએ છીએ કે તે આ મુદ્દો કેનેડા સરકાર સાથે વાતચીત કરે. અમે નિર્દોષ છીએ અને અમારી સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

## સમિતિના કેટલાક આચાર્ય-શિક્ષકોનો સમિતિની સ્કુલની નબળી છાપ મીટાવવાનો પ્રયાસ

સુરત, તા. ૦૮

સતત વિવાદમાં રહેતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની નબળી છાપ બદલવા માટે અનેક આચાર્ય અને શિક્ષકો કામગીરી કરી રહ્યા છે. ગોડાદરાની શાળાના શિક્ષકોએ શ્રમજીવી પરિવારના ઘરે સોલાર પેનલ મુકાવી ઘર રોશન કર્યું તો પાંડેસરાના સ્લમ વિસ્તારમાં ચાલતી શાળાના આચાર્ય અને શિક્ષકોએ સ્લમ વિસ્તારની ગલીઓમાં માઈક લઈને પહોંચીને વાલીઓને જાગૃત્ત કરવા મરાઠી ભાષામાં જ માઈક પર માહિતી આપવાનું કામ કરી રહ્યાં છે. આ ઉપરાંત સ્લમ વિસ્તારમાં મહારાષ્ટ્રીય પરિવારો વધુ હોય સમિતિની શાળાના આચાર્યએ મરાઠી ભાષામાં પેમ્ફલેટ છપાવી શિક્ષકો સાથે ઘરે ઘરે વિતરણ કરી વિદ્યાર્થીને મળતા લાભથી વાલીઓને માહિતગાર કરતાં હવે વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. સુરતના પાંડેસરા નાગસેન નગર માં સુરત પાલિકાની શાળા ક્રમાંક ૨૨૨ આવી છે ભૂતકાળમાં આ શાળા પતરાવાળી સ્કુલ તરીકે ઓળખાતી હતી. પરંતુ સમય સાથે આ શાળા પાકી બની ગઈ અને આચાર્ય અને શિક્ષકોની મહેનતના કારણે આ સ્કૂલમાં વિદ્યાર્થીઓ પણ આવતા થયા છે. જોકે, આ વિસ્તાર સ્લમ હોય વાલીઓ સવારથી નોકરી ધંધે જતા હોય વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે તેને વધારવા માટે શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા અનોખો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને તેમાં હવે સફળતા પણ મળી રહી છે.નાગસેન નગરની મરાઠી માધ્યમ શાળાના આચાર્ય ચંદ્રશેખર નિકમ ૨૦૧૮થી અહી આચાર્ય તરીકે જોડાયા હતા. તેઓ કહે છે આ વિસ્તારમાં પાલિકા સંચાલિત બે શાળા છે તેવી માહિતી પણ આ વિસ્તારમાં રહેતા લોકો પાસે ન હતી તેથી વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી ન હતી. આ સંખ્યા વધારવા તથા વાલીઓ સાથે સીધો સંપર્ક થાય અને તેમને શાળા તથા સરકાર દ્વારા આપવામાં આવતા લાભ ની માહિતી મળે તે માટે શાળામા શિક્ષકો સાથે બેઠક કરી તેમાં શિક્ષકોનો પણ પૂરતો સાથ મળ્યો છે.

## તંત્રી લેખ......

# ખેડૂતોને કુદરતી આપત્તિના સમયે સહાયરૂપ થવા ગુજરાત સરકાર હરહંમેશ પ્રયત્નશીલ

તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૧૬,૭૪૪ ખેડૂતોને રૂ. ૪૧.૬૮ કરોડની સહાય ચુકવાઈ: પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલ

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ખેડૂતોને કુદરતી આપત્તિના સમયે સહાયરૂપ થવા રાજય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. રાજયમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૧૬,૭૪૪ ખેડૂતોને રૂ. ૪૧.૬૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

પ્રવકતા મંત્રી એ ઉમેર્યું હતું કે, કુદરતી આપદા સમયે ખેડૂતોના પડખે ઉભા રહેવું એ અમારી નૈતિક ફરજ છે એટલે જ જયારે જયારે કમોસમી વરસાદ થયો ત્યારે ત્યારે અમે કરોડો રૂપિયાના પેકેજ જાહેર કર્યા છે.

તેમણે ઉમેર્યું કે, તાજેતરમાં થયેલા કમોસમી વરસાદથી શિયાળુ-ઊનાળુ સીઝનના ખેતી-બાગાયતી પાકોને નુકસાન થયુ હતું. એ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્વરિત નિર્ણય કરીને નુકસાનની અંદાજો તૈયાર કરવા સૂચના આપી હતી અને ત્યાર બાદ પેકેજ પણ જાહેર કર્યું હતું.

તેમણે ઉમેર્યું કે સરવે બાદ અસરગ્રસ્ત જિલ્લાઓના ખેડૂતો પાસેથી ઓફલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જે અંતર્ગત ખેડૂતો તરફથી ૩૭,૦૮૬ અરજીઓ મળી હતી. તમામ અરજીઓની ચકાસણી અન્વયે કુલ ૧૬,૭૪૪ લાભાર્થીઓ યોગ્ય જણાયા હતા અને આ લાભાર્થીઓને રૂ. ૪૧.૬૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને સહાય કરવા માટે કુલ રૂ. ૧૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# કર્ણાટકનાં મુખ્યમંત્રી અને પશુપાલન મંત્રી ગૌ હત્યા નિવારણ એકટને પાછો ન ખેંચવા મિતલ ખેતાણીની રજૂઆત

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયાજી તથા પશુપાલન મંત્રી કે વેંકટેશને ''ગૌ હત્યા નિવારણ એકટ'' (એનીમલ સ્લોટર પ્રિવેન્શન એન્ડ એનીમલ પ્રોટેકશન એકટ) ને પાછો ન ખેંચવા અંગે મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે. હાલમાં વહેતા થયા સમાચાર મુજબ કર્ણાટકની નવી ચુંટાયેલી સરકારના પશુપાલન મંત્રી કે વેંકટેશ દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું છે કે 'જો કોઈ ભેંસ અને બળદની કતલ કરી શકે છે, તો ગાયોની કતલ કરવામાં ખોટું શું છે? ' તથા નવી ચુંટાયેલી સરકારનો પ્રિવેન્શન ઓફ સ્લોટર અને પ્રિવેન્શન ઓફ કેટલ એકટની સમીક્ષા/સુધારા કરવાનો ઈરાદો છે એવાં અહેવાલો પ્રકાશિત થયા છે. કર્ણાટક ગૌ હત્યા નિવારણ અને સંરક્ષણ કાયદો ૨૦૨૧ માં તત્કાલીન સરકાર દ્વારા લાગુ કરવામાં આવ્યો હતો.



સદીઓથી ગાયને હિન્દુ પૌરાણિક કથાઓમાં પવિત્ર પ્રાણી માનવામાં આવે છે અને ભગવાનની જેમ પૂજા કરવામાં આવે છે. ભારતીય બંધારણની કલમ–૪૮ એ પણ જોગવાઈ કરે છે કે રાજય 'કૃષિ અને પશુપાલન' ને આધુનીક અને વૈજ્ઞાનિક રેખાઓ પર ગોઠવવાનો પ્રયત્ન કરશે અને ખાસ કરીને, જાતિના જતન અને સુધારણા માટે પગલાં લેશે અને ગાય અને વાછરડાની કતલ પર પ્રતિબંધ મુકશે. અન્ય દુધાળા ઢોર, પ્રવર્તમાન અધિનિયમ વિરૂધ્ધ અથવા કાયદામાં સુધારો કરીને કતલને પ્રોત્સાહિત કરવી અથવા પ્રસ્તાવ મુકવો એ હિન્દુઓની લાગણી વિરૂધ્ધ છે. વૃધ્ધ પશુઓના સંરક્ષણનાં સંદર્ભમાં ગોવા, ઉતરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, હરીયાણા, પંજાબ, ગુજરાત વગેરે જેવા ઘણા રાજયોએ યોજનાઓના ઉદેશ્યોને પૂર્ણ કરવા માટે બજેટ ફાળવીને રખડતાં અને બિનવારસી પ્રાણીઓ માટે વિવિધ પુનવર્સન યોજનાઓ લાગુ કરી છે. આથી આ યોજનાને રાજય સરકારની અન્ય યોજનાની જેમ ગૌમાતાનાં, પશુઓનાં હિતમાં અમલમાં મૂકવા વિનંતી કરાઈ છે. જેથી રખડતાં અને બિનવારસી પશુઓનાં પુનર્વસન અને ખેડૂતોને આર્થિક અને તબીબી સહાય પુરી પાડી શકાય કે જેઓ વૃધ્ધ ઢોરનું સંચાલન કરવામાં મુશ્કેલ સમયનો સામનો કરી રહયાં છે.

ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયના એડવાઈઝરી કમિટીના માનદ સલાહકાર મિતલ ખેતાણી દ્વારા કર્ણાટકનાં મુખ્યમંત્રી સિધ્ધારમૈયાજી તથા પશુપાલન મંત્રી કે વેંકટેશને જીવદયાનાં હિતમાં જ નિર્ણય કરવા રજૂઆત કરવામાં આવી છે.

## ગઝલ આસ્વાદ : ૧

રગરગ ને રોમરોમથી તૂટી જવાય છે,
તો પણ મઝાની વાત કે જીવી જવાય છે!

વરસાદ શું કરી શકે, છત્રીય શું કરે?
બીજાને કોરો રાખવા પલળી જવાય છે!

આંખોના ઇલાકામાં રહો એક બે દિવસ,
ત્યાંથી તો પછી દિલ સુધી પહોંચી જવાય છે!

સામે જ થોડે દૂર કશે એ ઊભાં હશે,
હું ચાલવા મથું છું, ને દોડી જવાય છે!

રાતો છે જાગરણની, દિવસ દોડધામનો,
બેસું તો મોત, ચાલું તો થાકી જવાય છે.

દરિયો તરી જવાનું વિચારું છું રોજ હું,
દરરોજ એ વિચારમાં ડૂબી જવાય છે!

પડકાર સામે હો તો અડીખમ ઊભો રહું,
લિસ્સી સુંવાળી વાતોમાં લપસી જવાય છે.

ખાલી ગઝલ જો હોય તો ફટકારી મારીએ,
આ તો □દયની વાત છે, હાંફી જવાય છે!

— ખલીલ ધનતેજવી 'સારાંશ' માંથી

ડિસેમ્બર ૧૨, ૧૯૩૫ થી એપ્રિલ ૪, ૨૦૨૧! સાહિત્યના ઝળહળતાં આકાશમાંથી એક સિતારો ખરી પડ્યો. મનગમતો સિતારો! જેની ઉપર તમામ સાહિત્ય જગતની નજર હતી એ સિતારો!! હા જી ખલીલ ધનતેજવી સાહેબ આ ફાની દુનિયાનો ઈશ્ક છોડી ઈશ્કે હકીકી તરફ પ્રયાણ કરી ગયા. એમના માટે ઘણું લખ્યું, અને ઘણું લખવાનું બાકી છે અને સદાય બાકી રહેશે. શબ્દોથી વર્ણવી શકાય એવું એમનું જીવન ક્યાં હતું! એ એક ગઝલકાર વાર્તાકાર, પત્રકાર ફિલ્મ નિર્દેશક અને એક ખેડૂત પણ હતા. આજ એક એમની ગઝલ 'સારાંશ' માંથી મળી છે. જે મારી ગમતી ગઝલ છે. એના વિષે વાતો કરીશું.

રગરગ ને રોમરોમથી તૂટી જવાય છે,
તો પણ મઝાની વાત કે જીવી જવાય છે!

જીવન જેવું હોય તેવું જીવવાનું હોય છે.કેટકેટલી મુશ્કેલીઓ આવે છે. જીવન વિટંબણાથી ભરેલું છે. દુઃખ અને અને પરેશાની દરેક માણસથી વીંટાયેલી છે. ઉદાસી ઘેરેલી છે. એવી ઉદાસી કે રગરગ અને રોમરોમ તમારું તૂટી જાય છે. રોજ રડતાં માણસો કહે છે કે જિંદગીથી કંટાળી ગયાં છીએ. પણ તેમ છતાં લોકો જીવી જતા હોય છે. એ એક ખૂબ સુંદર વાત છે કે આવતી કાલનું નવું કિરણ આપણને જીવવાનું બળ આપે છે. "યેહ સફર હૈ મુશ્કિલ, ના ઉદાસ હો મેરે હમસફર, નહિ રહનેવાલી યે મુશ્કિલેં હૈ અગલે મોડ પર મંઝિલે ! મઝાની વાત છે કે જીવી જવાય છે.

વરસાદ શું કરી શકે, છત્રીય શું કરે?
બીજાને કોરો રાખવા પલળી જવાય છે!

એક દ્રશ્ય ઊભું થાય છે. પ્રેમી અને પ્રેમિકા વરસાદમાં જઈ રહ્યાં છે. અનરાધાર વરસાદ છે અને એક છત્રી છે. એમાં બે જણા સમાય શકે એમ નથી. બીજાને કોરો રાખવો હોય તો ખુદને પલળવું પડે! પ્રેમી પ્રેમિકાને છત્રી આપી પલળે છે અને પ્રેમિકા કોરી રહી જાય છે. એમાં વરસાદ કે છત્રી બંને શું કરી શકે? એક મિત્રને સહારો આપતા પોતાને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે! પણ કેટલા લોકો આ માટે તૈયાર હોય છે? વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે ! મિત્રને કોરો રાખવા જે છત્રી છોડી દે એ પણ સાચો વૈષ્ણવ!

આંખોના ઈલાકામાં રહો એક બે દિવસ,
ત્યાંથી તો પછી દિલ સુધી પહોંચી જવાય છે!

દિલ સુધી જવાનો રસ્તો આંખો થકી છે એવું ઘણા ગઝલકારો કહી ગયા છે. આંખોની મસ્તી છે જે ઇશ્ક ને શેહ દે છે. નૈનો કી મત સુનો, નૈના ઠગ લેંગે. કવિ માશુકાને આમંત્રણ આપે છે કે એક બે દિવસ આંખોના ઈલાકામાં રહો, ત્યાંથી પછી દિલ સુધી જવાય છે. બે ત્રણ દિવસ નજર પડ્યા પછી જો ફરી એ ચહેરો તમે શોધવા લાગો તો સમજો કોઈના દિલ સુધી પહોંચી ગયા છો. "ભરી મહેફિલ મેં પલટ પલટ કે દેખના ઉસકા પ્યાર તો નહિ!
મેરે દેખતે હી નઝરે ઝુકા લેના ઈકરાર તો નહિ ?"

સામે જ થોડે દૂર કશે એ ઊભાં હશે,
હું ચાલવા મથું છું, ને દોડી જવાય છે!

ખબર જો મળી જાય કે આ રસ્તે પ્રિય વ્યક્તિ ઊભી છે! દિલની શું હાલત થાય છે? પગ પહોંચે એ પહેલા દિલ ત્યાં પહોંચી જાય છે. એ ઊભાં હશેની સંભાવના પણ આપોઆપ એના તરફ ધસી જવાની તાલાવેલી જગાડે છે અને પગ ભારે હૃદય ભારે હોય છે તેમ છતાં દોડી જવાય છે. ઈચ્છા છે કે પોતાની તાલાવેલીની એમને જાણ ના થાય પણ હૃદય ક્યાં પોતાના વશમાં છે? ચાલવા મથું અને દોડી જવાય છે ! કેવી અદભુત પ્રતીતિ!

રાતો છે જાગરણની, દિવસ દોડધામનો,
બેસું તો મોત, ચાલું તો થાકી જવાય છે.

ઈશ્ક ,મહોબત એની જગા પર, રાતોના ઉજાગરા એની જગા પર તેમ છતાં રોજની દોડધામ તો હોય જ આ બધાની વચ્ચે જો બેસી જાઓ તો મોત નક્કી અને ચાલતા રહો તો થાકી જવાય. "ઈશ્ક ને ગાલિબ નિક્કમા કર દિયા વરના હમ ભી આદમી થે કામકે!" એક તરફ કુઆ દૂસરી તરફ ખાઈ જેવી હાલત થઈ જાય છે. જીવન ગતિશીલ છે અને ગતિમાં રહેવું પડે છે. બેસી જવું એટલે મોત છે. પણ જીવનથી પણ થાકી જવાય છે.

દરિયો તરી જવાનું વિચારું છું રોજ હું,
દરરોજ એ વિચારમાં ડૂબી જવાય છે!

ઈશ્ક નો દરિયો છે અને પાર ઉતરવાનું છે. જ્યારે મહોબત થઈ જાય ત્યારે ઈન્સાન ખયાલોમાં ખોવાયેલો રહે છે. કોઈપણ રીતે પોતાના પ્રેમને મેળવવાની કોશિશ કરે છે. પણ બધાં વિચારો બધા સપનાં પુરા થવા માટે નથી હોતા. કેટલાક સપનાં હૃદયમાં ઉદભવે છે અને મગજમાં મરણ પામે છે. દરિયો પાર કરવાના વિચારમાં જ ડૂબી જવાય છે. મુઝફર સાહેબની પંક્તિ યાદ આવે છે." સોચતે સોચતે દિલ ડૂબને લગતા હૈ મેરા, જહેન કી તય મે 'મુઝફર' કોઈ દરિયા તો નહિ !

પડકાર સામે હો તો અડીખમ ઊભો રહું,
લિસ્સી સુંવાળી વાતોમાં લપસી જવાય છે.

કવિની ખુમારી અહીં દેખાય આવે છે. જો કોઈ પડકાર કરે તો સામે ઊભા રહે છે. કોઈનો ડર કોઈની બીક નથી. પડકાર જીલવા માટે અડીખમ ઊભા રહે છે. પણ લીસ્સી અને સુંવાળી વાતોમાં લપસી જવાય છે. કોઈ પ્યારના બે બોલ બોલી દે , કોઈ મીઠી અને સુંવાળી વાતો કરે તો લપસી જવાય છે. અહીં એક પુરુષની મર્દાનગી સાથે સાથે એક કવિનું કોમળ હૃદય બંને એક શેર માં મળી આવે છે.

ખાલી ગઝલ જો હોય તો ફટકારી મારીએ,
આ તો હૃદયની વાત છે, હાંફી જવાય છે!

ગઝલ શી રીતે બને છે? ગઝલ કોઈની હૃદયની વાત શબ્દ થકી કાગળ પર ઊતરે છે. અને એ શબ્દો કાગળ પર આવતા આવતા કેટલી વાર ઘૂંટાય છે અને ક્યારેક કલમ વડે તો ક્યારેક લોહીથી ખરડાઈને તો ક્યારેક આંસુથી ભીંજાઈને કાગળ પર ઊતરે છે. એટલે કવિ કહે છે કે ખાલી ગઝલ હોય તો ફટકારી દઈએ પણ આ તો હૃદયની વાત છે , હાંફી જવાય છે. તમે પણ સર, જિંદગીથી હાંફી ગયા. સલામ કવિ શ્રી ખલીલ ધનતેજવી સાહેબ! જન્નતમાં આપને આલા મુકામ મળે એવી અભ્યર્થના સાથે!

**સપના વિજાપુરા (અમેરિકા)**

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર, સુશ્રી પોપી શર્માં એક દિવસ માટે અમદાવાદ ની મુલાકાતે




સુશ્રી પોપી શર્મા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર, ૦૮.૦૬.૨૦૨૩ ના રોજ એક દિવસ માટે અમદાવાદ આવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ પ્રદેશના બ્રાન્ચ મેનેજરોની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેઓએ બેંકના કામકાજની સાથે સામાન્ય જનતાને બેંકિંગની વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટેની બેંકની વિવિધ યોજનાઓ તેમજ સરકારની વિવિધ સામાજિક યોજનાઓની સમીક્ષા કરી હતી. ભારત અટલ પેન્શન યોજના જેવું છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ યોજના સહિત બેંકની નવી રિકરિંગ સ્કીમ સેન્ટ સેફ સમૃદ્ધિ યોજનાની પ્રગતિ વિશે માહિતી મેળવી હતી. અને આ યોજનાઓના પ્રચાર પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે તેમણે બેંકની વિવિધ લોન યોજનાઓ હેઠળ વિવિધ ઋણધારકોને ૧૦૦ કરોડની મંજૂર લોન આપી હતી. લોન લેનારાઓ સાથે ચર્ચા કરીને, તેમણે બેંક પાસેથી તેમની અપેક્ષાઓ અને તેમની સમસ્યાઓ વિશે જાણ્યું. ની વધતી જતી ભૂમિકા હેઠળ વિવિધ દુકાનદારો, ઉદ્યોગપતિઓ, લાભાર્થીઓને ઊઇ કોડ સ્ટેન્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. અન્ય એક કાર્યક્રમમાં તેમણે અમદાવાદ પ્રદેશના પ્રાદેશિક વડા ડૉ. હિમાંશુ ગુપ્તા, બેંકના ‰.જી. છ. સાથે બેંક મિત્ર અને પ્રતિષ્ઠિત ગ્રાહકો સાથે પણ ચર્ચા કરી હતી.

બેંકની સામાજિક જવાબદારી અંતર્ગત કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને બેંકની વિવિધ ડીપોઝીટ અને લોન યોજનાઓના પ્રચાર માટે બેંક દ્વારા યોજાયેલી સાયકલ રેલીમાં પણ તેમણે ભાગ લીધો હતો. આ રેલી અમદાવાદના હૃદય એવા વસ્ત્રાપુર તળાવથી ^ૈસ અમદાવાદ સુધી યોજવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો.

અન્ય એક કાર્યક્રમમાં, સુશ્રી પોપી શર્માએ ૯૫ એફએમ રેડિયોના આરજે દેવાંગ સાથે અમદાવાદના ફ્લેગશિપ 'આલ્ફા વન મોલ, વસ્ત્રાપુર'માં બેંકની વિવિધ યોજનાઓના પ્રચાર માટે, મોલમાં ઉપસ્થિત ગ્રાહકો સાથે વાર્તાલાપ કર્યો, રસપ્રદ ચર્ચાઓ, રમતો. , બેંકની યોજનાઓ અને યોજનાઓ. ટ્રીવીયા ક્વિઝના વિજેતાઓને ગ્રાહકોને આકર્ષક ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઝોનલ ઓફિસના ડેપ્યુટી ઝોનલ હેડ ડો. ભાસ્કર જી, રીજીયોનલ હેડ ડો. હિમાંશુ ગુપ્તા સહિત બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આત્મનિર્ભર લોન માં બેંકો અને સરકાર વચ્ચે ખેંચતાણ.....કોણ જવાબદાર?

કોરોના સમય દરમિયાન ગુજરાત સરકારે પ્રજાના આર્થિક મદદ કરવાના ભાગરૂપે મોટે ઉપાડે તમામ કોઓપરેટીવ સેક્ટરની બેંકોને આત્મ નિર્ભર લોન ૩૬ મહિના ની મુદતની તેમના ખાતેદારોને આપવાનું કહ્યું હતું જેમાં સરકાર તરફથી ૬ ટકા વ્યાજની રકમ બેંકોને ચૂકવવાની રહે છે ટોટલ ૮ ટકાની લોન જેમાં ગ્રાહક ને માત્ર બે ટકા માં વાપરવા મળે..એક લાખ થી અઢી લાખ સુધીની બીજી આત્મા નિર્ભર લોન માં કુલ ૮ પ્રમાણે બેન્કોએ ગ્રાહકો ને લોન આપવાની હતી જેમાં ૪ ટકા સરકાર ચૂકવે અને ૪ ટકા બેંક ભોગવે... અને આમ પ્રજાને આર્થિક ભારણ ઓછુ કરવા એક લાખ રૂપિયાની અને અઢી લાખ સુધીનું આ લોન આપવાનું સરકારે જે કહ્યું હતું તેમાં હવે મોટા ભાગની લોનો પૂરી થવાના છેલ્લા તબક્કામાં છે જેને પણ લોનો લીધી છે તે લોકોએ મોટાભાગના હપ્તાઓ પણ બધા ભરી નાખ્યા છે પરંતુ બેંકોના અધિકારીઓને આ બાબતે પૂછતા માલુમ પડ્યું છે કે તેઓએ ખાતેદારો ની માહિતી સાથે અત્યાર સુધીમાં બે ત્રણ વાર ફાઈલો અપાઈ ચૂક્યા છે..સરકાર માં ખોવાઈ ગઈ છે તેવા જવાબ સરકારી અધિકારીઓ બેંકો ના અધિકારીઓ ને અપ૩ છે.. સરકારમાં . દર ત્રણ મહિને બેંકોને જે ૬% વ્યાજની રકમ ચૂકવવાની હતી તે અંતર્ગત અમે દર ત્રણ મહિને અમારી ફાઈલો પણ રજીસ્ટરમાં જમા કરાવતા હતા પણ મોટાભાગની બેન્કોને હજુ સુધી છેલ્લા એક દોઢ વર્ષથી કોઈ રકમ મળી હોય તેવું ક્યાંય સાંભળવામાં આવતું નથી જેનાથી હવે બેંકો અને સરકારના રજીસ્ટાર અને ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ વચ્ચે આ બાબતની ગંભીર સમસ્યા ઊભી થનાર છે જેવું કો-ઓપરેટીવ સેક્ટરના બેંકના અધિકારીઓ સાથે ચર્ચા કરતા જાણવા મળેલ છે હવે આ બાબતે આપણા ભોપાભાઈ પટેલના રાજમાં હવે આ અંગે શું પગલાં લેવાય છે તે આવનારો સમય કહેશે એક હિ આગ જન ફરિયાદ....ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક બ્રેકિંગ

# હવે આપણને વિશ્વ ગુરૂ બનતા કોઇ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહીં. જય હો!!

યુગોથી પ્રાચીન અને અર્વાચીન વચ્ચે ખૂંખાર લડાઇ ચાલી રહી છે. વલ્લકલ પહેરનારને ધોતી કે ધોતિયું પહેરનાર સામે ઉગ્ર વિરોધ છે.ધોતિયું પહેરનારને પેન્ટ પહેરનાર સામે તીવ્ર વાંધા વિરોધ છે. પેન્ટ પહેરનારને શોર્ટસ પહેરનારને સામે વાંધો છે.

આ જ રીતે પંજાબી ડ્રેસ પહેરનાર મહિલા માટે કછોટાધારી સાડીધારી બેનોનો વિરોધ હોય છે. જીન્સ-ટીશર્ટ પહેરનારી આધુનિકા સામે સાડીધારીનો સદૈવ મોરચો મંડાયેલો હોય છે!!

લાડુ-લાપશી સામે કેક અને રોટલા સામે પિત્ઝા, નારિયેળ પાણી સામે કોલ્ડ ડ્રિંક સામે વિરોધ હોય છે.ખીચડી સામે બિરયાનીનો મોરચો મંડાયેલો હોય છે!!

એક પેઢી નોસ્ટાલજિયા એટલે કે ભૂતકાળને ગાય-ભેંસની માફક વાગોળે છે. એમને જૂનું બધું સારૂં લાગે છે, નવું બધુ નકામું લાગે છે. બંને સામસામે એકમેકને ભાંડે છે!!

એક સમયે પતિ નિધન પામે પછી નવવિધવા પતિની ચિંતા પર ચડીને સ્વૈચ્છિક રીતે સતી હતી. રાજા રામમોહન રાયે રજૂઆત કરતાં વિલિયમ બેન્ટિકે સતી પ્રથાને રદ કરી હતી. તે જમાનામાં પુરૂષ પત્નીની ચિતા પર ચડીને સતો થયો હોય તેમ જણાતું નથી. ઉલ્ટાનું પુનઃલગ્ન કરવાની ઈચ્છા ધરાવનાર પતિ તેની પત્નીને અંતિમ વિદાય આપવા સ્મશાને પણ આવતો ન હતો!!

પંચતંમની વાર્તામાં મંદગતિ અને ઝડપી ગતિની સ્પર્ધા કાચબા અને સસલાની દોડ તરીકે આલેખવામાં આવેલ છે. જેમાં કાચબો વિરામ લીધા સિવાય લક્ષ્યાંક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલીને જીત મેળવે છે!!

હિન્દી સિનેમાના માઈલસ્ટોનસમાન ઓલ ટાઈમ ગ્રેટ સિનેમા '' નયા દૌર'' માં પ્રાચીન સભ્યતા અને નવી સભ્યતા વચ્ચેની કશ્મકશ કલાત્મક રીતે રજૂ થઇ છે. કેસરી કસમના રાજકપૂરની માફક દિલીપકુમાર કોચવાન કે ટાંગેવાલા હોય છે. અલબત, મર્દ ટાંગેલાલા ગીતના અમિતાભ બચ્ચન જેવો મારધાડ ટાંગેવાલા ન હતો. વિક્ટોરિયા ૨૦૩ ના અશોકકુમાર જેવો દો બિચારે બિના સહારે કુછ કુછ કરે ટાઈપ પણ ન હતો.

વિલન-જીવન-અજીત વિલન હોય છે.જીવનની બસ સેવા હોય છે.ગામમાં આધુનિતા લાવવાનો હિમાયતી હતો. જેના લીધે પરંપરાગત વ્યવસાયમાં પ્રવૃત લોકો બેરોજગાર થઇ જવાની ભીતિ હતી. દિલીપકુમાર ગામના જમીનદારને રજૂઆત કરે છે. જમીનદાર ટાંગા અને બસ વચ્ચે સ્પર્ધા કરવા અને જેની જીત થાય તે મુજબ ગામમાં વ્યવસ્થા સુનિશ્ચિત થશેતેમ જણાવ્યું.

ગામમાં એક દિવસ ટાંગા અને બસની હરીફાઈ થઇ!! અનેક આરોહઅવરોહના અંતે દિલીપકુમારની જીત થઇ!! ઓ. પી. નૈયરનું બહેતરીન સંગીત અને બી.આર. ચોપડાનું દિગ્દર્શન ફિલ્મનું જમા પાસુ હતું. ''ઉડે જબ જબ ઝૂલ્ફે તેરી '' જેવું કર્ણમંજુલ ગીત ઓલ ટાઇમ હીટ હતું .

સને ૧૯૮૦માં સ્કાયલેબ તૂટી જવાની હતી ત્યારે ઘણા લોકો શહેર છોડીને ગામડામાં સાથે મરવા પહોંચી ગયા હતા. કૂવામાં ખાટલા ઉતારી અંદર જતા રહેલા!!

મોગલો ભારતમાં તોપ અને દારૂગોળા જેવા આધુનિક શસ્ત્રો સાથે ચડાઇ કરી હતી ત્યારે તેનો સામનો કરવા માટે રાજાઓ આધુનિક હથિયારોને બદલે તીરકામઠા, તલવાર, ભાલા, ઘોડા,હાથીથી લડ્યા અને મચ્છરની જેમ ખપી ગયા!!

તમને એ થશે કે આ વાતોનો શું મતલબ છે??

હમણાં એક ઘટના બની. દહેગામ તાલુકાના ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર આવેલા હરખજીના મુવાડા, પાલુંદ્રા અને દેવકરણના મુવાડામાં ગઇકાલે મંગળવારે રાત્રે અચાનક દસેક જેટલા ડ્રોન ઘોંઘાટ સાથે આવી પહોંચતા ગ્રામજનોમાં કુતૂહલની સાથે ફફડાટ ફેલાઈ ગયો હતો. આ મામલે સ્થાનિક ધારાસભ્યથી માંડીને આખું દહેગામ વહીવટી તંત્ર ગાઢ નિદ્રામાં રહ્યું હતું. રાત્રીના બારેક વાગ્યાના અરસામાં અચાનક ઘોંઘાટ સાથે ડ્રોન આવી ચડ્યા હતા. જેનાં કારણે ગ્રામજનો જાગી ગયા હતા. આશરે ત્રીસેક ફૂટની ઊંચાઈએ ડ્રોન ઊડવાના કારણે ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા. જેમાં ઘણા ગ્રામજનોએ ડરના માર્યા લાકડીઓ, ધોકા જેવા હથિયારો પણ હાથમાં લઈ લીધા હતા.

બોલો ઊડતા ડ્રોનને હણવાનો કેટલો ઈન્ટેલિજન્ટ અનેઅલ્ટ્રા મોડર્નઈન્સ્ટ્રુમેન્ટ!! હવેઆપણનેવિશ્વ ગુરૂ બનતા કોઇ પણ મહાસતા કે તાકાત રોકી શકે નહી. જય હો!!

ભરત વૈષ્ણવ

# દલિતોને વંચિતોને આઝાદીનો અહેસાસ ક્યારે થશે?

આઝાદી મળ્યાને ૭૫ વરસ પુરા થઈ ગયા. પણ શું આપણે ખરેખર આઝાદ છીએ ખરા? દુનિયામાં સૌથી વધુ વસ્તી હોવાનું ગર્વ લેનાર આપણે ૧૪૧ ભારતીયો ખરેખર સાચા અર્થમાં આઝાદ છીએ ખરા? હજુ પણ આપણે છુટ અછૂત આભડછેટ માંથી બહાર નીકળી શક્યા નથી એ એક કડવી હકીકત છે.



હજુ આજની તારીખે પણ દલિતો સાથે ખુલ્લેઆમ ભેદભાવ થાય છે

કોઈ દલિત યુવક સારા કપડાં પહેરીને બહાર નીકળે તો એને માર મારવામાં આવે છે . અરે ઇનશર્ટ કરીને નીકળે તો પણ ધમકાવી માર મારવામાં આવે છે

દલિત યુવકને કપડાં તો ઠીક બુટ પહેરીને કેમ બહાર નીકળે છે ગોગલ્સ પહેરીને કેમ બહાર નીકળે છે કહી મારવામાં આવે છેલગ્નપ્રસંગ હોય અને જો દલિત યુવક ઘોડા પર પરણવા જતો હોય તો પથ્થરમારો કરવામાં આવે છે ઘોડા પર વરઘોડો કાઢવા દેવામાં આવતો નથી.

ગામના કુવા પરથી પાણી ભરવા દેવામાં આવતું નથી ગામના મંદિરમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

ગામડાઓ આમ તો એકતા ભાઈચારા સંપ માટે જાણીતા છે ત્યાં આવો ભેદભાવ કેમ? આપણે કઈ સદીમાં જીવી રહ્યા છે?, ૨૧ મી સદીના ૨૩ માં વરસે પણ આપણે માણસને માણસ ગણવા તૈયાર નથી? શું દલિતો માણસ નથી? જીવતા જાગતા ભગવાન નથી? તો પછી આમ કેમ?

આપણે જાતે જ આપણી ઘોર ખોદી રહ્યા છે આપણા પગ પર કુહાડો શા માટે મારી રહ્યા છીએ?આપણે આધુનિક ટેક્નોલોના યુગમાં આ શું લઈ બેઠા છીએ?આપણું શિક્ષણ સંસ્કાર ક્યાં છે?

આપણે જ્યાં સુધી બધાને સાથે લઈને ચાલીશું નહી ત્યાં સુધી પ્રગતિ વિકાસ કરી શકવાના નથી?

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No :102*.
★વિષયઃ-સ્પર્શ★.
★શીર્ષકઃ-મોંઘો સ્પર્શ★★.
★શબ્દ સંખ્યાઃ-૩૩૦★.
★લેખકનુંનામઃ-રતીલાલવાયડા★

★રચના★:-

૭૦ વર્ષની અવસ્થા ધરાવનાર ગોવિંદભાઈ પોતાના બંને હાથમાં ભારે થેલીઓ લઈ અને અમદાવાદની સિટી બસમાં બેઠા. દરેક સ્ટેન્ડ ઉપર માણસોની ચડ ઉતર અને વધુમાં વધુ. ગીરદી થતી હતી .બેસવાની ક્યાંય જગ્યા ન. હતી એટલે મોટાભાગના લોકો ઉભા ઉભા જ મુસાફરી કરી રહ્યા હતા અને બસ રાજમાર્ગ ઉપર દોડી રહી હતી.

ઓચિંતી ડ્રાઈવરે ઝડપમાં જતી બસને બ્રેક મારી અને તેની સાથે જ મોટાભાગના પેસેન્જરો એકબીજાની સાથે અથડાયા અને સ્પર્શ થયો.

ગોવિંદભાઈની આગળ એક યુવતી ઉભી હતી. તેની સાથે ગોવિંદભાઈનું શરીર અકસ્માતે ભટકાયું અને તેથી યુવતી ગુસ્સામાં આવી ગઈ અને જેમ તેમ બોલવા લાગી ," તમારા જેવા મોટી ઉંમરના માણસો જાણી જોઈ અને સ્ત્રીઓને સ્પર્શ કરેછે."

ગોવિંદભાઈએ તેની માફી માગી અને કહ્યું, " બેન આમાં મારો કોઈ વાંક નથી . ડ્રાઈવરે ઓચિંતી બ્રેક મારી તેથી કદાચ તમારો સ્પર્શ મારાથી થઈ ગયો."

યુવતી એકના બે થતી ન હતી. ખૂબ ગુસ્સામા ગોવિંદભાઈને જેમ તેમ બોલવા લાગી અને તેની ઉંમરની ઠેકડી ઉડાવવા લાગી, અને કહ્યું, ' તમારા જેવા લોકો બહેનોની મશ્કરી કરવા માટે જ આવી બસમાં મુસાફરી કરો છો. ". બીજા પેસેન્જરો એ પણ યુવતીનો વિરોધ કર્યો . યુવતી એકના બે થતી ન હતી. તેણે જોશથી અવાજ કરી કંડકટરને બોલાવ્યો અને કહ્યું, " આ બસને અત્યારે ને અત્યારે પોલીસ સ્ટેશન લઈ જાવ મારે આ ભાઈની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરવી છે.

ગોવિંદભાઈએ ફરી વિનંતી કરી બહેન આવું કંઈ કરવાની જરૂર જ નથી. તમારા કરતાં પણ મોટી ઉંમરની મારે ઘરે દીકરીઓ છે ,અને હું સ્ત્રીઓની ઈજ્જત કરું છું . અત્યારે જે કંઈ બન્યુ એ એમાં મારો કોઈ વાંક ન હતો.

યુવતી પોતાની જીદ ઉપર અડી પડી અને કહ્યું, "જો તમે પોલીસ સ્ટેશનને ન જવા માગતા હોય તો મને વળતરના ૧૦૦૦/૦ રૂપિયા આપી દો નહીં તો હું તમારી બેઇજતી કરવાની છું.

ગોવિંદભાઈની ઉતરવાની જગ્યા આવી ગઈ અને તે ઉતારવા જતા હતા ત્યારે યુવતીએ તેને કાંટલેથી પકડી અને પૈસા કાઢવાનું કહ્યું અને નહીં તો હું તમને ઉતારવા નહીં દઉં. બીજા ઘણા પેસેન્જરે પણ દરમિયાનગીરી કરવા લાગ્યા. પરંતુ યુવતી પોતાની જીદ ઉપર અડી પડી હતી અને નાઈલાજે ગોવિંદભાઈએ ૧૦૦૦/૦રૂપિયા આપ્યા અને ઉતરી ગયા.

ગોવિંદભાઈએ ધરાર સ્પર્શની સજા ભોગવી લીધી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0038
વિષયઃ- સ્પર્શ
વિભાગ :-પદ્ય

-----------------------------------------------------

શરીરને નહિ આત્માને સ્પર્શી જો,
પવિત્ર પ્રેમ પામીને જરા હરખી જો.

વાણી નો સ્પર્શ કરે હૈયે ઘા જબરો,
ટાઢક વળે એવા બોલ જરા બોલી જો.

કાતિલ નજર મારી નાખે જીવતે જીવ,
મીઠી નજરથી દિલને જરા સ્પર્શી જો.

લાગણી વરસેને થઈ જાય સ્પર્શ દીલથી,
મળ્યા વગર દૂરથી દેહને જરા ભેટી જો.

નફરત ભર્યો સ્પર્શ અકડાવી મૂકે સૌને,
વ્હાલથી માથે હાથ જરા ફેરવી જો.

??શીલાપટેલ "આકાંક્ષા"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ંર્દંજીજી ર્દં : ૧૪૯
વિષય : સ્પર્શ
શીર્ષક : માનો સ્પર્શ
શબ્દ : ૩૫૦
નામ પલ્લવી જોષી. સરિતા
વડોદરા.

માનો સ્પર્શ

સ્પર્શ એટલે એક આહ્લાદક અનુભૂતિ,એક લાગણી ભર્યો અહેસાસ,જે કદી ભૂલી નથી શકાતો ! કોઈપણ પ્રકારનો સ્પર્શ હોય એમાં ભરપૂર લાગણી,પ્રેમ,કરુણા અવિરત પ્રમાણમાં ભરેલા છે.

માતા અને સંતાનનો એકબીજા પ્રત્યેનો સ્પર્શ એક આહ્લાદક અને હદય સ્પર્શી ને દિલથી દિલને જોડનારો હોય છે.એ સ્પર્શમાં આત્મિયતા છલોછલ ભરેલી દેખાય છે.એજ રીતે પિતાપુત્રીનો સ્પર્શ, ભાઈબહેનનો સ્પર્શ આ બધાં સંબંધમાં દિલથી બંધાયેલી લાગણીનો સ્પર્શ છે.એમાં એક નિર્માળતા રહેલી છે,ભાવના રહેલી છે,આત્મિયતા રહેલી છે.

સ્પર્શની અનુભૂતિ શરીરને અડકવાથી થાય છે એવું નથી.કોઈના મનને દિલને સ્પર્શી જુવો સાહેબ,શરીરનાં સ્પર્શ ને ભૂલી જશો.કોઈનું શરીર જીતવું સહેલું છે પણ કોઈનું મન જીતવું અઘરું છે.

શરીરને સ્પર્શતાં વાર નથી લાગતી પણ મનને સ્પર્શવામાં જન્મારા પણ વહો જાય છે.માતા ને પુત્રનો સંબંધ કેવો હદયસ્પર્શી હોય છે.

મા પોતાના બાળકને સ્તનપાન કરાવે,સ્નાન કરાવે,રમાડે,વ્હાલ કરે,હાલરડું ગાઈને સુવડાવે આ દરેક સમયનો મા નો સ્પર્શ કંઈ અલગ જ હોય છે.

ટૂંકમાં કહું તો માનો પ્રેમ,લાગણી,સ્નેહ,કરુણા,આત્મિયતા આ બધાંની પાછળ સરવાળે તો એનો મૃદુ ને કોમળ સ્પર્શ જ છુપાયેલો છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:153 વિષયઃસ્પર્શ
પ્રકારઃપધ્ય શીર્ષકઃપ્રેમ
શબ્દોઃ ૯૬
લેખક નું નામઃ જિતેન્દ્ર શાહ.

એકબીજાં માં હુદય નાં સ્પર્શ થી સમાઈ જવાં ની ઘેલછા એટલે પ્રેમ,
જેવાં છે તેવાં હાથો-હાથ સ્વીકારવાં ની તૈયારી એટલે પ્રેમ,
સામાવાળા ને આવતા મોડું થાય ને
વારે-ઘડીએ હાથ ઘડીયાળ ને સ્પર્શ્યાં કરે તે પ્રેમ,
કોઈ પ્રિયે નું માન ન જાળવે અને
મગજ માં તમને કાળ ચડે તેનું નામ પ્રેમ,
સુખ અને દુઃખ માં એકબીજા ની
પડખે ઊભાં રહી સ્પર્શ્યાં કરે તે પ્રેમ,
પ્રિયે નો શોખ પુરો કરતાં થયેલ ખર્ચ માટે ની આવક મેળવવા ની તમારી મહેનત પ્રિયે ને બતાવો નહીં તે પ્રેમ,
સામેવાળો જે ઈચ્છે તે તમારી આપવાં ની
તૈયારી એટલે હુદય સ્પર્શી પ્રેમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ંર્દંજીજી ર્દં.૦૦૫૯
વિષયઃ શબ્દ ★સ્પર્શ★
પ્રકાર; ગધ્ય -લેખ.

શીર્ષક; ★અનૂભૂતિ★
શબ્દો; ૩૧૧.
લેખકનુ નામઃ
જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

★અનૂભુતિ★

ફક્ત અઢીજ અક્ષર, ★સ્પર્શ★
પણ શબ્દની અનુભૂતિ કેવી ?
પ્યારે",શબ્દ લખ્યો સ્પર્શ,
ને વાંચનારાએ વાંચ્યો,
તેટલીજ ક્ષણોમા દરેકે પોતાની
વિચારધારાને અનૂરુપ વિવિધ
પ્રકારની અનુભૂતિ માણી, આછે બેજોડ ★સ્પર્શ★ શબ્દની તાકાત !

મા, બાળકને જરાપણ અડકે ત્યારે બાળક, નિઃસ્વાર્થ પ્રેમ સાથે ભયરહીત પાલનની અનભુતિ સ્પર્શ દ્વારા અનૂભવેછે.
સેવા કરતી,નર્સિંગ હોમની નર્સ કે ડોક્ટર, કોઈને અડકે તો તે વ્યકિત સૂખ -શાન્તી નો અહેસાસ અનુભવેછે, આ છે
ભાવભર્યો સ્પર્શ!
જો કોઈ યુવતી, તેના યુવા પ્રેમીને ★સ્પર્શ★ કરેતો, તે બન્ને વચ્ચે વિકારનો ભાવ ઉદભવેછે,આછે ★સ્પર્શ★ નો કૂદરતી ક્રમ !

જો કોઈ,સંત- મહંત, રહેલા હોય
તેવા સ્થળની પવિત્ર માટીનો પણ
શુધ્ધ ભાવના સાથે સ્પર્શ કરી મસ્તક ઉપર તે લગાવવામાં આવેછે તો તેને ★શૂભ સ્પર્શ★ માનવામા આવેછે.

જો કોઈ સંતના ચરણની રજ ના
સ્પર્શ ને પણ ★બહેતરીન★ ગણવામાં આવેછે.

સ્પર્શ અને ભાવના જ્યારે સાથે જોડાયછ, ત્યારે અકલ્પનિય ઘટના બની રહેછે, જેના અનેક ઉદહરણો, આપણો ઈતિહાસ જણાવેછે, જેવાકે,

ભગવાન શ્રી રામચંદ્રજીનો પથ્થરની શીલાને ★સ્પર્શ★ અને ★સ્ત્રી સ્વરૂપે અહલ્યાનુ પ્રાગટય★ આ છે કૂદરતી ★અલૌકિક જીવંત સ્પર્શ★

ભગવાન ના સ્પર્શ ના ભયથી કેવટ- નાવિક, પોતાની નૌકામા બેસાડતા પહેલા ,
પ્રભુ રામચંદ્રજીને યાચના ભરી વિનંતી કરતા ગાયછે...
★મને પગ ધોવા દયોને રઘૂરાય★!

★સ્પર્શ★, આંખથી,વાણીથી,શરીર ના હાવભાવથી, વર્તનથી તેમ ઘણીજ રીતે થઈ શકે છે.

ભગવાન મહાવિર સ્વામીને પગમા સર્પ ડંખ મારેછે, ત્યારે પ્રભુના
આભાર - નિહારીકા રવિયા કરુણા ભર્યા શબ્દૉ ★બૂઝ બૂઝ★
સમજ, સમજ. આ હતો
★વિરપ્રભુ નો કરુણા સભર વાણી નો ★સ્પર્શ★.., અને ડંખ ની જગ્યાએથી લોહી ને બદલે વહ્યુ
★સ્વેતક્ષીર -દૂધની અમૃત ધારા★

પ્યારે",આછે ★અફલાતૂન★
શબ્દ,
★સ્પર્શ નો અલૌકિક મહિમા★.

શ્ર?જયકાન્ત ઘેલાણી ★પ્યારે★.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકાર :-પદ્ય
વિષયઃ- સ્પર્શ
શિર્ષકઃ- સ્પર્શના જુદાં- જુદાં પાસાં

સ્પર્શના અલગ-અલગ અનુભવો,
સહુના માનસ પટલ પર અંકિત છે.
કેટલાક યાદગાર ને કેટલાક ડરામણા,
જેનાથી મન આજસુધી ભયભીત છે.

સ્પર્શ શાબ્દિક, શારીરિક ને,
દૂરથી દેખાતી આંખોનો.
નથી સીમિત માત્ર શારીરિકરૂપે,
છે ગીધનજરો ને ફફડતી પારેવાની પાંખોનો.

કેટલીક વાતો કે શબ્દો મનને સ્પર્શી જાય છે,
જાણે મરુસ્થળમાં કોઈ વાદળી વરસી જાય છે.
સતત વાગોળવી ગમે છે એ વાતોને,
દિવસને પ્રસન્ન અને ચિંતનીય બનાવે એ રાતોને.

બદલી નાંખે જીવનને એ શબ્દો ક્ષણભરમાં,
પ્રેરણા આપીને નિવાસ કરે એ અંતરમાં.
આ સ્પર્શ સદાય સહુને હૈયે વસે,
એનાથી તો ઉદાસ હૈયા પણ એકલતામાં હસે.

ખભો થાબડવો, માથે હાથ ફેરવવો એ
યાદગાર સ્પર્શ છે સહુના જીવનના.
શારીરિક, સકારાત્મક સ્પર્શ એ ગણાય,
જે ઉદ્દીપકનું કામ કરે છે જીવનમાં.

ખરાબ દ્રષ્ટિથી જોવું કોઈનેય,
એ નજરોથી કરાતો બૂરો સ્પર્શ છે.
છે એમાં વિકાર ને બુરી આદતો સામેલ,
જાણે કોઈ શેતાનનો મલિન સ્પર્શ છે.

સ્પર્શ ક્યારેક પ્રેરણા તો ક્યારેક,
જુગુપ્સા મનમાં જગાવે છે.
સ્પર્શથી ખીલતી જિંદગી તો,
ક્યારેક લજામણીની જેમ સંકોચાવે છે.

સ્પર્શના શિસ્તના પાઠ,
સહુએ શીખવા છે જરૂરી.
વધારે પડતી આત્મીયતા/આધુનિકતા બતાવવામાં,
સન્માન રાખવું એ પણ ખૂબ જરૂરી.

ઈં અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G. S.S No. - 152
વિષય - સ્પર્શ
પ્રકાર - પદ્ય
શીર્ષક - તારો મૃદુ સ્પર્શ
શબ્દો - ૮૧
કવિ - દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

----------------------

તારાં મૃદુ સ્પર્શથી...
રોમાંચિત થયેલાં મુજ દેહમાં..
જાણે હજારો સુગંધિત ફૂલો ખીલી ઉઠ્યા..
સાવ કોમળ ઝીણી ઝીણી કૂંપળો ફૂટી ગઈ રોમ રોમમાં.
આટલો પ્રેમ હોય?? કે પછી કોઈ કરામત છે?
મારાં સાવ સુકાયેલા હૃદયનાં ઊંડા કૂવામાં જો!!
નવા નીરની સરવાણી ફૂટી રહી છે...!!
કાન દઈને સાંભળ... ખળ ખળ ખળ કરતું આ નિર્મળ નીર.. અવિરત વહેવા માંડ્યું છે..
આંખમાં સૂરજની ચમક ને પગમાં થનગન નાચની ચાનક ચડી છે હવે..
આ કોણ મારામાં નાચી રહ્યું છે? બોલ ને?
હા, હવે સમજાયું...!!
હું કથીર જેવો પડ્યો રહ્યો યુગોથી ઊંડી ધરતીના પેટાળમાં ધરબાયેલો...
આજ તારાં એક સ્પર્શથી; ....હું કંચન બની ગયો...!!
હા, આ તારો મૃદુ સ્પર્શ પારસ છે...!!

દિલીપ ધોળકિયા,"શ્યામ"જૂનાગઢ.

# એમસીએક્સ પર ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૫૧૨નો ઉછાળોઃ સોનામાં મિશ્ર વલણ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૫૬,૦૭૭ સોદાઓમાં કુલ રૂ.૨૯,૨૧૮.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૪૪.૭૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૨૪૬૨.૩૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૧,૪૬૮ સોદાઓમાં રૂ.૪,૦૦૨.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૫૨૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૮૦ અને નીચામાં રૂ.૫૯,૪૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ ઘટી રૂ.૫૯,૪૮૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૭ વધી રૂ.૪૮,૦૧૯ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૫,૯૫૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ ઘટી રૂ.૫૯,૪૭૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૭૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૩૯૦ અને નીચામાં રૂ.૭૧,૭૯૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૧૨ વધી રૂ.૭૨,૨૩૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૫૮ વધી રૂ.૭૨,૨૭૨ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૬૮ વધી રૂ.૭૨,૨૬૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૨૬૪ સોદાઓમાં રૂ.૧,૧૩૧.૨૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૨૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧.૦૫ ઘટી રૂ.૭૨૦.૦૦ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૨૦૪.૭૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૩૫ વધી રૂ.૨૦૪.૮૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૧૮૨.૩૦ જસત-મિની જૂન વાયદો રૂ.૦.૭૦ ઘટી રૂ.૨૧૩.૭૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૮૪૮ સોદાઓમાં રૂ.૧,૫૯૮.૭૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૫૩ અને નીચામાં રૂ.૫,૯૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧ વધી રૂ.૬,૦૩૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૩૨ વધી રૂ.૬,૦૩૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૨ના ભાવે ખૂલી, રૂ.૧.૨૦ વધી રૂ.૧૯૩.૦૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૧.૨ વધી ૧૯૩.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૫૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૨૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૪૬૦ અને નીચામાં રૂ.૫૯,૧૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૦ ઘટી રૂ.૫૯,૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૨૦ વધી રૂ.૯૧૩.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૧૫.૬૦ કરોડનાં ૨,૭૧૪.૩૦૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૮૬.૫૯ કરોડનાં ૩૩૦.૧૬૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૯૬.૬૨ કરોડનાં ૧૪,૯૧,૫૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૦૨.૧૪ કરોડનાં ૩,૬૨,૯૩,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૬.૩૬ કરોડનાં ૬,૬૬૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૬.૪૬ કરોડનાં ૨,૫૪૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૧૫.૮૮ કરોડનાં ૮,૫૩૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૩૨.૫૩ કરોડનાં ૧૫,૫૨૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૭૧ કરોડનાં ૬૨૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮.૮૫ કરોડનાં ૯૬.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૪૫.૭૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૯.૭૩૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૧૭૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૩૭૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૧૭૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૫,૫૫૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૮૫,૮૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૯૬,૮૨,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૪,૧૪૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૦.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૦૮ કરોડનાં ૧૩૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૧૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૦૪૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૮૫ અને નીચામાં ૧૬,૦૩૭ બોલાઈ, ૪૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫ પોઈન્ટ વધી ૧૬,૦૬૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૨૪૬૨.૩૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૯૧.૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮૦૪.૯૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૯૯૫૯.૫૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૦૩.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૬૬.૮૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૧.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫.૦૦ અને નીચામાં રૂ.૯૪.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૫૦ વધી રૂ.૧૩૫.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૧૯૦.૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૩૦ અને નીચામાં રૂ.૧૦.૬૫ રહી, અંતે રૂ.૦.૮૦ વધી રૂ.૧૧.૮૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૩.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮૦.૦૦ અને નીચામાં રૂ.૬૨૩.૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૫૦ ઘટી રૂ.૬૬૯.૦૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૫.૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૫.૦૦ અને નીચામાં રૂ.૩૫૩.૦૦ રહી, અંતે રૂ.૧.૦૦ વધી રૂ.૩૯૩.૦૦ થયો હતો.

# સિવિલ હોસ્પિટલ 'અંગદાન મહાયજ્ઞ' - ૧૧૪મા અંગદાનમાં સૌથી દુર્લભ એવા હૃદયનું પણ દાન મળ્યું

માર્ગ અકસ્માતમાં માથાના ભાગે ઈજા થતાં બ્રેઈનડેડ જાહેર કરાયેલા પાટણના મહેશભાઈ સોલંકીના પરિવારે હૃદય, લિવર, બે કિડની અને બે આંખોનું અંગદાન કરીને સમાજને દાનનું નવતર ઉદાહરણ પૂરું પાડ્યું

અત્યાર સુધીમાં મળેલા કુલ ૩૬૮ જેટલા અંગો દ્વારા ૩૪૪ જેટલા દર્દીઓની જિંદગી બચાવવામાં સફળતા મળી છે :- ડૉ. રાકેશ જોશી, સુપ્રિન્ટેન્ડન્ટ, સિવિલ હોસ્પિટલ★

કહેવાય છે કે ×જિંદગી કેટલી જીવી ગયા એ મહત્વનું નથી, કેવી જીવી ગયા એ મહત્વનું છે×. પાટણના ૨૮ વર્ષીય યુવાન મહેશભાઈ અને તેમના પરિવારે આ ઉક્તિ સાર્થક કરી બતાવી છે. માર્ગ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલા મહેશભાઈને બ્રેઈન ડેડ જાહેર કરાયા બાદ પરિવારે હૃદય, લિવર, બે કિડની અને બે આંખોનું અંગદાન કરીને અન્ય કેટલાક લોકોના જીવનમાં ઉજાસ પાથરીને સમાજને દાનનું નવતર ઉદાહરણ પૂરું પાડ્યું. એટલે જ કહેવાનું મન થાય કે, ખરાં અર્થમાં અમર થઇ ગયા મહેશભાઈ...

પાટણના ૨૮ વર્ષીય યુવાન મહેશભાઈ સોલંકીને માથાના ભાગે ગંભીર ઈજાના લીધે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દાખલ કરાયાના ૨ દિવસ બાદ મહેશભાઈને સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા. બ્રેઈન ડેડ જાહેર કરાયા બાદ મહેશભાઇના પરિવારને સિવિલ હોસ્પિટલમાં બનાવવામાં આવેલા 'અમર કક્ષ' મા કાઉન્સેલિંગ દ્વારા અંગદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું અને તેમનો એક નિર્ણય અનેક લોકોની જિંદગી બચાવી શકે છે તે વિશે સમજાવવામાં આવ્યું.

મહેશભાઇના પત્ની અને પરિવારજનોએ એકજુટ થઇને અન્ય જરૂરિયાતમંદ દર્દીને નવજીવન આપવાના હિતાર્થે અંગદાન માટે સહમતી દર્શાવી. આ રીતે પરિવારે સંમતિ આપતા મહેશભાઇના અંગોનું દાન મેળવવા માટેની કામગીરી કરવામાં આવી. ૮ થી ૧૦ કલાક સુધી ચાલેલી ઓર્ગન રીટ્રાઇવલની પ્રક્રિયા બાદ અંગદાનમાં સૌથી મહત્વનું અને દુર્લભ કહી શકાય તેવું હૃદય સહિત લિવર, બે કિડની અને બે આંખોનું દાન મળ્યું.

મળેલા અંગોમાંથી હૃદય યુ.એન.મેહતા ઈન્સ્ટિટયૂટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે, લિવર અને કિડની ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે અને આંખો એમ એન્ડ જે ઈન્સ્ટિટયૂટ ઓફ ઓપ્થાલ્મોનોલોજી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવી.જેમાંથી અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટ થકી નવજીવન મળશે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના અંગદાન મહાયજ્ઞ અંતર્ગત આ ૧૧૪ મું અંગદાન મળ્યું છે. અત્યાર સુધીમાં મળેલા કુલ ૩૬૮ જેટલા અંગો દ્વારા ૩૪૪ જેટલા દર્દીઓની જિંદગી બચાવવામાં સફળતા મળી છે. અંગદાન માટે સમાજમાં ઉત્તરોતર જાગૃતિ વધતી રહે અને આ જ રીતે વધુને વધુ જરૂરિયાતમંદ દર્દીઓની જિંદગી બચાવી શકાય તે માટે સિવિલ મેડીસિટી સતત પ્રયત્નશીલ છે.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની જરૂર ક્યારે પડે ?
- હાર્ટ ફેલ્યોર
- કાર્ડિયોમાયોપેથી
- કોરોનરી આર્ટરી ડીસિઝ
- હૃદયના વાલ્વ સંબંધિત બિમારીઓ
- જન્મજાત હૃદય સંબંધિત બિમારીઓ
- અગાઉના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં કોઈ ખામી સર્જાઈ હોય તેવા કિસ્સાઓમાં

અંગદાન કોણ કરી શકે ?
- બ્રેઈન ડેડ દર્દીના અંગોનું દાન થઈ શકે
- લિવિંગ ડોનર - ૧૮ વર્ષથી વધુ વયની જીવિત વ્યક્તિ શરીરના અમુક અંગોનું દાન કરી શકે છે. જેમ કે બોનમેરો, કિડની વગેરેનું દાન.

કોણ અંગદાન ન કરી શકે ?
- એચ.આઈ.વી. એઈડ્સ , કેન્સર, ફેફસાં કે હૃદય સંબંધિત બિમારીઓ કે અન્ય કોઈ લાંબી બિમારીઓ ધરાવતી વ્યક્તિ અંગદાન ન કરી શકે.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ'

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની ઉજવણી સુરત ખાતે થશે :હર્ષ સંઘવી



મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના ૩૩જિલ્લાઓના જે ૭૫ સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં ૧૦ જેટલાં ઐતિહાસિક સ્થળો, ૭ જેટલાં ધાર્મિક સ્થળો,૧૭ જેટલાં પ્રવાસન સ્થળો, ૩૩ જેટલાં જિલ્લા અને મહાનગરપાલિકાના સ્થળો અને ૮ તાલુકા મથકોના સ્થળનીપસંદગી કરવામાં આવી છે.

રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકાઓ, મહાનગર પાલિકાઓની સાથોસાથ શાળાઓ,કોલેજો, યુનિવર્સિટીઓ, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથાપોલીસ સ્ટેશનો સહિત તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રનાનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.મંત્રીશ્રીએ ઉમેર્યું કે, નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે લોકોમાં યોગ અંગે જન જાગૃતિકેળવાય એ આશયથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રા?જ્યભરમાં છેલ્લા છ માસથી યોગ અંગે વિવિધ જનજાગૃતિકાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યભરમાં સૂર્ય નમસ્કાર કાર્યક્રમ, જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધા, ઝોન કક્ષાનીયોગ સ્પર્ધા, અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની યોગ સ્પર્ધા, યોગોત્સવ - ૨૦૨૩ કાર્યક્રમ, હર ઘર ધ્યાન, ઘર ઘર યાગઅંતર્ગત સમગ્ર રાજ્યમાં એક જ સમયે ૪૧ કાર્યક્રમો યોજાયાં હતાં. જેમાં મોટા પ્રમાણમાં નાગરિકો જોડાયા હતા. આસ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા પ્રશસ્તિપત્ર પણ એનાયત કરાયા હતા. આ ઉપરાંત જિલ્લા અનેમહાનગરપાલિકા કક્ષાએ કોમન યોગ પ્રોટોકોલ માટે ૪૧ તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું. તેમજ યોગ જાગૃતિમાટે દર શનિ-રવિ ૧૦૦થી વધુ વીકેન્ડ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાગૃતતામાટે કેટલા દિવસ બાકી છે તે દર્શાવતી ૧૧ ફુટ ઉંચાઇ ધરાવતી રિવર્સ ડિજિટલ કાઉન્ટ ડાઉન ઘડીયાળ રાજ્યના ૫૦આઈકોનીક સ્થળો ઉપર મુકાઈ છે .જ્યારે બાળકોમાં નાનપણથી જ યોગ પ્રત્યે જાગૃતતા આવે તે માટે રાજ્યના ૧૦૦જેટલા સ્થળો ઉપર દસ દિવસના 'સમર યોગ કેમ્પ'નું આયોજન કરાયું હતું.તેમણે ઉમેર્યું કે, ચાલુ વર્ષે વિશાળ જનભાગીદારી સાથે સમગ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનીઉજવણીના માર્ગદર્શન માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવામાં આવી છે. આઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, વોર્ડ, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓવગેરે તમામ કક્ષાએ યોગ દિવસના કાર્યક્રમો કરવાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો ભવ્ય રીતે અનેસફળતાપૂર્વક યોજાય અને તેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી મહાનગર પાલિકા, જિલ્લા,તાલુકા, નગરપાલિકા કક્ષાએ વિવિધ સમિતિઓની રચના પણ કરી દેવાઈ છે.મંત્રીશ્રીએ કહ્યું કે, નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની



શાળા પ્રવેશોત્સવ પ્રારંભે મનોદિવ્યાંગ બાળકોના શિક્ષણ કૌશલ્ય વર્ધન હિતાર્થે વિદ્યારંભ સંસ્કાર-સરસ્વતી પૂજનનું આયોજન તા.૮-૬-૨૦૨૩ ગુરુવારે સવારે ૧૧-૩૦ વાગે સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ આકાશ દિપ ફ્લેટ ગોકુલ ડેરીની બાજુમાં પેટ્રોલ પંપની બાજુમાં અખબાર નગર સર્કલ પાસે નવાવાડજ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલના સહયોગથી રાખવામાં આવ્યું હતું જેમાં બાળકોને પ.પૂ.ગુરુદેવ લિખીત સચિત્ર બાળ વાર્તાઓનું સાહિત્ય ભેટ આપવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને સરસ્વતી પૂજન વિદ્યારંભ સંસ્કાર ગાયત્રી પરિવારના શ્રીપ્રવીણભાઈ પટેલ અને સંગીત વૃંદ દ્વારા કરાવવામાં આવ્યા હતા તેમજ શ્રી અનામીભાઈ દેસાઈ તરફથી બાળકોને સ્વાદિષ્ટ ભોજન જમાડીને આનંદ ઉત્સાહમાં વધારો કર્યો હતો.કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલના શ્રી ગીરીશભાઈ પટેલે તથા ગાયત્રી પરિવારના પરિજનોએ સહયોગ કર્યો હતો.



'મોદી સરકાર' ના ૯ વર્ષ નિમિત્તે ભાજપ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાની લાભાર્થી બહેનો તેમજ સખીમંડળ અને સ્વસહાય જૂથની બહેનોની મુલાકાત કરાઇ કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશેષ જનસંપર્ક અભિયાન હેઠળ સંપર્ક અને સંવાદ કાર્યક્રમ હેઠળ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાની લાભાર્થી બહેનો (લખપતિદીદી), સખીમંડળ અને સ્વસહાય જૂથની બહેનો તેમજ આંગણવાડીના બાળકોના વાલી સાથે મુલાકાત કરી કેન્દ્રની ભાજપા સરકારની કામગીરી અંગે સંવાદ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ મહિલા મોરચા ઉપપ્રમુખ અને ઉત્તર ઝોન પ્રભારીશ્રી અરુણાબેન, ગાંધીનગર મહાનગર મહિલા મોરચા પ્રભારીશ્રી મીનાક્ષીબેન, મહાનગર મહિલા મોરચા પ્રમુખશ્રી પ્રિયા પટેલ, મહિલા કોર્પોરેટરો, કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ગરીબ વિદ્યાર્થીઓ માટે ફ્રી વર્ગો




રોટરી ક્લબ ઓફ બોરીવલી દ્વારા નવમા અને દસમા ધોરણના ગરીબ વિદ્યાર્થીઓ માટે ફ્રી વર્ગો શરૂ કરાયા છે. દહિસર પૂર્વ માં આનંદ નગર, એન એલ કટ્ટા ખાતે સાતમું સેન્ટર વિધાનસભાના સભ્ય મનિષા તાઈ ચૌધરી ના હસ્તે શરૂ કરાયું ત્યારે અતિથિ તરીકે નગરસેવક જગદીશ ભાઈ ઓઝા હજાર રહ્યા હતા. પ્રોજેક્ટ ચેરમેન હરીશ ચંદારાણા, એડમિન સોનલ ચંદારાણા છે. પ્રમુખ કે. પ્રેમરાજે આ પ્રોજેક્ટ નું મહત્ત્વ સમજાવ્યું હતું. મોના જ્ઞાની, રાકેશ શેઠ, વિક્રમ શેઠ વગેરેનો આભાર મનાયો હતો. આ પ્રસંગે બોરીવલી અને દહિસર ની રોટરી કલબ અને ઈનર વ્હીલ ક્લબના સભ્યો હાજર રહ્યા હતા. જ્ઞાન પ્રકાશ ફ્રી કોચિંગ ક્લાસ માટે અલ્પાબહેન અને ચેતનભાઈ ચિતલિયાનો સાથ સહકાર મળ્યો છે.

## ચાણસ્માના ધીણોજ પાસે અકસ્માત બે પુત્રી ઓ સામે પીતા નું કરુંણ મોત

ચાણસ્મા મહેસાણા ફોરલાઈન હાઈવે રોડ બનાવવાનું કામકાજ ચાલુ છે ત્યારે આ હાઈવે માર્ગ પર નાના મોટા અકસ્માતો દિન પ્રતિ દિન થઈ રહ્યા છે ત્યારે આજ રોજ વહેલી સવાર ના સુમારે ચાણસ્મા ના ધીણોજ ગામ પાસે ખેત કામ માટે ખેતરે જતા પરિવાર ને અકસ્માત નડતા એક પુરુષ નું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય મરણ ની બે પુત્રી ઓ માથી એક પુત્રી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા મહેસાણા વધુ સારવાર માટે રિફર કરાઈ હતી ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામના ખેડૂત પરિવાર ખેતી કામ અર્થ પોતાનું મીની ટ્રેક્ટર લઈ ખેતરે જઈ રહ્યા હતા ત્યારે પાછળ થી ચાણસ્મા થી મહેસાણા તરફ જઈ રહેલી નિરમા કંપની ની લકઝરી બસ નં ય્ત્ન ૦૨ ટટ ૫૭ ૪૨ ના ચાલકે ગફલ ભર રીતે હંકારી મુક્તા લકઝરી બસે મીની ટ્રેક્ટર ને ઘડાકા ભેર ટક્કર મારતાં ટ્રેક્ટર ચાલક પટેલ ભરત ભાઈ હરગોવન ભાઈ ઉ.વ ૫૩ રહે ધીણોજ ને રોડ પર પટકાતા માથા ના ભાગે ગંભીર રીતે વાગતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જ્યારે તેમની બે પુત્રી પટેલ યાગ્નિકાબેન ભરતભાઈ ને ગંભીર ઈજાઓ થતા મહેસાણા ખાતે રિફર કરાયા હતા તેમજ પટેલ પુજા બેન ભરત ભાઈ ને પણ નાની મોટી ઈજાઓ પહોંચી હતી આ ઘટના ની જાણ ગામ લોકો તેમજ ચાણસ્મા પોલિસ ને થતા ઘટના સ્થળે દોડી આવી મૃતક ની લાશ પોર્સ્ટમોટમ માટે લણવા રેફરલ ખાતે મોકલી આપી હતી તેમજ લકઝરી ચાલક સામે ગફલત ભરી રીતે ડ્રાયવીગ કરી અકસ્માત કર્યો હોવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું પી.એસ .આઈ ડાભી એ જણાવ્યું હતુ

## અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે શ્રી વનરાજકુમાર સિંહજી ખવડ વરણી



અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે દરબાર સાહેબ શ્રી વનરાજકુમાર સિંહજી ખવડ ઓફ સુદામડા ધાંધલપુર સ્ટેટ પાંચાળ કાઠીયાવાડની તારીખ ૪/૬/૨૦૨૩ ના રોજ વરણી કરવામાં આવેલ

અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા ૧૮૯૭ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે દરબાર સાહેબ શ્રી વનરાજકુમાર સિંહજી ખવડ ઓફ સુદામડા ધાંધલપુર સ્ટેટ પંચાળ કાઠીયાવાડની વરણી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડોક્ટર રાજા સાહેબ શ્રી માનવેન્દ્રસિંહજી પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ક્ષત્રિય મહાસભાના ક્ષાત્ર ગણ પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલ.

આ તકે દરબાર સાહેબ શ્રી ને અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા તથા તમામ ક્ષત્રિય સંગઠનો તથા સંતો મહંતો શ્રેષ્ઠિઓ રાજવીઓ રાજ પરિવારો તથા રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો તથા અધિકારીઓ તથા પદાધિકારીઓ તથા સ્નેહીજનો તથા જાહેર જનતા જનાર્દન તરફથી ખુબ ખુબ શુભકામના મોકલી વધાઈયુ પાઠવવામાં આવેલ.

દરબાર સાહેબ શ્રી વનરાજકુમાર સિંહજી ને અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા ૧૮૯૭ દ્વારા આયોજિત પૃથ્વીરાજ ચૌહાણ જયંતિ સમારોહ ૧૧ જુન ૨૦૨૩ માં પધારવા માટે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.



ધાબાવાળી વાવ ગામ પાસે અકસ્માત થયો. દાંતા તરફથી અંબાજી તરફ કાર આવી રહી હતી ત્યારે કાર નુ ટાયર ફાટતા અકસ્માત.મહિલા કાર ચલાવતી હોવાની માહિતી સામે આવી.ગરીબ આદિવાસીની દુકાનમાં કાર ઘૂસી ગઈ.સદનસીબે કોઈ જાનહાની નહીં.મોટું લાકડું પણ કાર માં ઘૂસી ગયું.મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા એકઠા થયા.ફોરલેન હાઈવે બન્યા બાદ પણ અકસ્માતો દાંતા તાલુકામાં વધી રહ્યા છે

## અંબાજી મંદિરના જીઆઈએસએફએસ જવાનની સુંદર કામગીરી, બેગ મળતા પરત કરી



શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે.અંબાજી મંદિરમાં કેટલાક ભક્તો દર્શન કરવા આવતા હોય છે ત્યારે કેટલાક ભકતો પોતાનો સામાન પણ ભૂલી જતા હોય છે,ત્યારે આજે પણ માનવતા જોવા મળી રહી છે.આજે અંબાજી મંદિર મેનગેટ ની બાજુમાં એક બેગ (પર્સ) શંકાસ્પદ લાગતા મળતાં તેને ચેક કરી ને જોતા ત્યા હાજર ૈંજીહ્લના જવાન ફરજ બજાવતા ડાભી નારાયણસિહ બી અને કાંતીભાઇ પરમારએ ચેક કરતા અંદર બે મોબાઈલ તથા રોકડ રકમ તથા કિંમતી સામાન મળી આવેલ તથા માલીક નો મોબાઈલ નંબર મળતાં પર્સ ના માલીક ને ફોન કરી મુળ કર્ણાટક ના વતની અહીથી ૫૦ કીમી દુર ચલા ગયા હતા એમને ઘરે કોન્ટેક કરીને પરત બોલાવેલા તેઓ ફરજ બજાવતા ડાભી નારાયણસિંહ બોલાવેલ અંને તેના મુળ માલીક ને પરત સોપેલ ઈમાનદારી પુર્વક ઉમદુ ઉદાહરણછે...મુળ માલીક બહુ દૂર કર્ણાટક ના રહેવાસી હતા અને દર્શન કરવા આવ્યા હતા તેઓ પાછા આવતા એટલા ખુશ થયા કે એમને ખુશીનો કોઈ પાર ન રહ્યો. આમ અંબાજી મંદિરમાં જીઆઈએસએફએસ જવાન ભૂતકાળમાં પણ સુંદર કામગીરી કરેલ છે અને આજે પણ સુંદર કામગીરી કરી હતી.

## ચાણસ્મા ખાતે ચાલી રહેલા વિકાસના કામોની પૂર્વ કેબિનેટ મંત્રીએ સમીક્ષા કરી



ચાણસ્મા શહેર તેમજ આજુબાજુમાં ચાલી રહેલા વિકાસના કામો કેવી ગુણવત્તામાં થાય છે તેમજ તેમાં વપરાતું મટીરીયલ કેવું છે તેની તપાસણી આજરોજ પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપસિંહ ઠાકોરે કરી હતી

ભાજપ સરકારને કેન્દ્રમાં નવ વર્ષ પૂર્ણ થતા ભાજપ સરકાર દ્વારા સરકારના વિકાસના કામો તેમજ સરકારની યોજના લોકો સુધી પહોંચે તે માટે રાજ્યના જુદા જુદા મંત્રીઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના પદા અધિકારીઓ દ્વારા લોકો સુધી પહોંચી અને સરકારના વિકાસના કામો તેમજ સરકાર ની યોજનાઓ લોકો સુધી પહોંચાડી રહ્યા છે ત્યારે આજ રોજ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ કેબિનેટ મંત્રી દિલિપ સિંહ ઠાકોર દ્વારા ચાણસ્મા તાલુકા ની મુલાકાત લઈ તેમાં ચાલી રહેલા રણુજ થી વાયા ચાણસ્મા થઈ બેચરાજી બ્રોડગેજ રેલ્વે લાઇન નું કામ ચાલી રહ્યું છે તેની રૂબરૂ તપાસણી કરી હતી તેમજ એન્જીનિયર સાથે કામ ની સમીક્ષા કરી હતી તેમજ ચાણસ્મા મહેસાણા હાઈવે પર ચાલી રહેલ રોડ ના કામ તેમજ મેડલોપ રોડ ઉપર આવેલ ગટર વ્યવસ્થા અને પાણી પુરવઠા દ્વારા બનાવવામાં આવેલ ગટરના પાણી ના શુદ્ધીકરણ પ્લાન્ટ ની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી તેમજ તેમની સાથે સમીક્ષા મુલાકાત માં પાટણ જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ દિલીપ ભાઈ જોષી . પૂર્વ ઉપ પ્રમુખ મુકેશ ભાઈ પટેલ. રાજુભાઈ પટેલ વિષ્ણુ ભાઈ પટેલ કિરણ ભાઈ જાની પસા ભાઈ પટેલ (ડેવીડ ) સહિત ભાજપ ના પદા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

**રિપોટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

## હિતેશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્યસભા યોજાઈ, શહેરીજનોના હિત માટે મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા




ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાની બેઠક ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયરશ્રી હિતેશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને પંડિત દિનદયાળ ભવન, ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મળી હતી. જેમાં ગાંધીનગરના સર્વાંગી અને સતત વિકાસને વેગવંતો બનાવવા તથા નાગરિકોની સુવિધા તેમજ સુખાકારી વધે તે માટે વિવિધ કામોને સર્વાનુમતે બહાલી આપીને મંજૂર કરવામાં આવ્યા હતા. આ અવસરે માનનીય મેયર શ્રી એ જણાવ્યું હતું કે શહેરના સર્વાંગી વિકાસ માટે ગાંધીનગર મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે.વંદે માતરમના ગાન સાથે સામાન્યસભાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ઓડિશા ટ્રેઈન દુર્ઘટનામાં અવસાન પામેલ દિવંગતોના આત્માની શાંતિ માટે માન. મેયરશ્રી દ્વારા મૌનનું આહવાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણાએ સામાન્યસભા વતી દેશના નવી સંસદના નિર્માણ તથા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૯ વર્ષના કાર્યકાળની પ્રસંશા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ સામાન્ય સભાના એજન્ડા પર વિગતવાર ચર્ચા કરીને મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા હતા. જેમાં નીચે મુજબના વિષયોને બહાલી આપવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.